### એપીએમસીમાં ૧૫ વર્ષ જૂના દબદબા સામે 'કંગાળ' બજાર સમિતિનો વહીવટ મેળવવાની હોડ

# પેટલાદની એપીએમસીની ચૂંટણીમાં ૧૬ બેઠકો માટે ખરાખરીનો જંગ થશે

**પ્રાથમિક** મતદાર યાદી આજે પ્રસિદ્ધ થઈ, ૧૬ નવેમ્બરે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૬

પેટલાદ ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી આવેલ છે. આ બજાર સમિતીની દર પાંચ વર્ષે ચુંટણીઓ યોજાય છે. અહીંયા છેલ્લા પંદર વર્ષોથી એક ધાર્યું શાસન કાર્યરત છે. પરંતુ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન સરકારની કેટલીક નીતિઓને કારણે આવકના સ્ત્રોત મર્યાદિત થઈ ગયા છે. જેથી સમિતીના વહીવટમાં અનેક અંતરાયો ઉભા થઈ રહ્યા છે. જો કે આ કંગાળ એપીએમસીની ચુંટણીનો કાર્યક્રમ જાહેર થઈ ચુક્યો છે.

પેટલાદમાં કોલેજ ચોકડી સ્થિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી આવેલ છે. વર્ષોથી કાર્યરત આ એપીએમસી શરૂઆતના વર્ષોમાં કલાલ પીપળ પાસે ચાલતી હતી. જેના થોડા વર્ષો બાદ કોલેજ ચોકડી ખાતે એપીએમસીનું નવું બિલ્ડીંગ કાર્યરત થયું હતું. અહીંયા શરૂઆતના લગભગ પંદર વર્ષ પૂર્વ સહકાર મંત્રી સી ડી પટેલનો દબદબો જોવા મળતો હતો. તેઓના શાસન દરમ્યાન ખેડૂતો, વેપારીઓ, સહકારી મંડળીઓ વગેરે માટે એપીએમસી આશિર્વાદ રૂપ માનવામાં આવતી હતી. પરંતુ સમય જતાં આ સહકારી સંસ્થામાં તેજસ (જીગાભાઈ) પટેલ જુથ સક્રિય બન્યું હતું.

જોકે, સી ડી પટેલ અને તેજસ પટેલના જુથ વચ્ચે થયેલ ચુંટણીમાં ભારે રસાકસી સર્જાઈ હતી. જેમાં તેજસ પટેલના જુથે બાજી મારી વિજય પ્રાપ્ત કર્યો હતો. ત્યારથી આજદીન સુધી પેટલાદ એપીએમસીમાં તેજસ પટેલની આગેવાની હેઠળ વહીવટ ચાલી રહ્યો છે. વર્તમાન સભ્યોના પાંચ વર્ષ પૂર્ણ થતાં હોઈ આગામી સમયમાં ચુંટણીઓ યોજાવાની છે. જેનો સત્તાવાર કાર્યક્રમ જીલ્લા રજીસ્ટ્રારે જાહેર કર્યો છે. જે મુજબ ખાલી પડતી 16 બેઠકો માટે ચુંટણી યોજાનાર છે. જેમાં ખેડૂત વિભાગની 10, વેપારી વિભાગની 4 અને સહકારી મંડળી વિભાગની 2 બેઠકોનો સમાવેશ છે. આ ચુંટણી પૂર્વે મતદાર યાદીની કામગીરી શરૂ થઈ ગયેલ છે, જેની પ્રાથમિક યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જ્યારે આખરી મતદાર યાદી તા.17 ઓક્ટોબરના રોજ પ્રસિદ્ધ થનાર છે.

#### ઉમેદવારી પત્રો લેવા અને ભરવા માત્ર ૭ કલાક

પેટલાદ એપીએમસીની ચુંટણીનો સત્તાવાર કાર્યક્રમ જાહેર થઈ ચુક્યો છે. જે મુજબ ઉમેદવારી પત્રો લઈને ભરવા માટે 16મી નવેમ્બરના રોજ સવારે 11 થી સાંજે 5 કલાક સુધીનો સમય છે. એટલે કે કોઈપણ ઉમેદવારને ફોર્મ લઈને તે મુજબના જરૂરી ડોક્યુમેન્ટ સાથે ભરીને આપવા માટે માત્ર 7 કલાકનો સમય રહેશે. જેના બીજા દિવસે ફોર્મ ચકાસણી થશે. જ્યારે ઉમેદવારી પત્રો 20મી નવેમ્બર સુધીમાં પરત લઈ શકશે. આ ચુંટણીનું મતદાન 27મી નવેમ્બરે અને મત ગણતરી તા.28 નવેમ્બરના રોજ હાથ ધરવામાં આવશે.

### આણંદમાં સંધ્યાના આકાશે રંગોની મેઘધનુષી સહી



દિવસભરની દોડધામ બાદ જ્યારે સૂર્ય ધીમે ધીમે ક્ષિતિજની ઓટમાં સરકવા લાગે, ત્યારે કુદરત જાણે પોતાની કલમથી આકાશ પર એક અદભૂત ચિત્ર દોરી દે છે. આ તસવીરમાં દેખાતું સંધ્યાકાશ પણ કંઈક એવું જ મૌન કાવ્ય રચતું નજરે પડે છે. ગાઢ વાદળોની કાળી-વાદળી પૃષ્ઠભૂમિ વચ્ચે સૂર્યકિરણો વાદળોની ધારને સુવર્ણ આભા અર્પે છે, તો તેની ઉપર દેખાતા ગુલાબી, નારંગી અને લીલાશ પડતા રંગો જાણે આકાશે મેઘધનુષના રંગોની ઝાંખી કરાવી હોય તેવો અહેસાસ કરાવે છે. નીચે વૃક્ષો અને મકાનોની અંધારી આકૃતિઓ અને ઉપર રંગોથી ઝળહળતું આકાશ–કુદરતના વિરોધાભાસનું આ દ્રશ્ય મનને થોભી જવા મજબૂર કરે છે. ક્ષણિક છે આ નજારો, પરંતુ તેની સુંદરતા આંખોમાં અને તેની શાંતિ મનમાં લાંબા સમય સુધી વસેલી રહે છે. "સૂર્ય અસ્ત પામે ત્યારે દિવસ પૂરો થતો નથી, કુદરત રંગોની ભાષામાં એક નવી વાર્તા લખે છે"

## નડિયાદમાંએસટીબસેબાઈકને અડફેટે ચડાવતા યુવકનું મોત

**ઉત્તરસંડા** રોડ પર કોંકરણ મંદિર પાસે અકસ્માતમાં પોલીસે તપાસ હાથ ધરી



(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૬

નડિયાદ નજીક ઉત્તરસંડા રોડ પર આવેલા કોંકરણ મંદિર પાસે સવારના સમયે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં પૂરપાટ ઝડપે આવતી એસ.ટી. બસે બાઈકચાલક યુવકને અડફેટે લેતાં તેનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું.

નડિયાદના હેમીલ પંડ્યા નામના યુવક સવારના સમયે પોતાનું બાઈક લઈને નોકરી પર જવા માટે ઘરેથી નીકળ્યા હતા. દરમિયાન કોંકરણ મંદિર નજીકથી પસાર થતી વખતે સામેથી આવતી એસ.ટી. બસ સાથે બાઈકની અત્યંત જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે યુવક બાઈક સાથે બસના નીચેના ભાગમાં ફસાઈ ગયો હતો અને તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માત બાદ વધુ પડતું લોહી વહી જવાને કારણે યુવકનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

આ અકસ્માતને પગલે રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને સ્થાનિક લોકોના મોટા ટોળાં એકઠા થઈ ગયા હતા. આ બનાવ અંગે જાણ કરાતાં નડિયાદ પોલીસનો કાફલો ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી કાયદેસરનું પંચનામું કર્યું હતું અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

## સોજીત્રા:ભડકદમાંખેડૂતોના કૂવા પરથી મોટર ચોરાઈ

**એક જ** રાતમાં ત્રણ ખેતરોમાંથી ઇલેક્ટ્રિક મોટરો ગાયબ

(પ્રતિનિધિ) સોજિત્રા તા.૧૬

સોજીત્રા તાલુકાના ભડકદ ગામની સીમમાં અજાણ્યા તસ્કરોએ એક જ રાતમાં ત્રણ અલગ-અલગ ખેડૂતોના કૂવા પરથી પાણી ખેંચવાની કિંમતી સિંચાઈ મોટરોની ચોરી કરી છે. આ ઘટનાને પગલે સમગ્ર ખેડૂત આલમમાં ચિંતા અને રોષનો માહોલ ફેલાયો છે.

ભડકદના ચકલાસીયા ભાગમાં રહેતા ખેડૂત ઘનશ્યામભાઈ રમેશભાઈ પટેલે સોજીત્રા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ, લવાલ-ભડકદ રોડ પર મોટી નહેર નજીકના ખેતરમાં આવેલા કૂવા પરથી ૧૮મી ઓગષ્ટ,૨૦૨૬ની રાત્રિથી ૧૯મી ઓગષ્ટ, ૨૦૨૬ની સવાર દરમિયાન ૩૫,૦૦૦ની કિંમતની ૭.૫ એચ.પી.ની ઈલેક્ટ્રિક મોટર ચોરાઈ ગઈ હતી.

આ ઉપરાંત, તે જ રાત્રે ભડકદ હાઈસ્કૂલ પાછળ ખાંધલી રોડ પર આવેલા યોગેશભાઈ નટુભાઈ પટેલના ખેતરના કૂવા પરથી ૩૫,૦૦૦ની મોટર તથા નાંદોલી રોડ પર આવેલા મહેશભાઈ શિવાભાઈ પટેલના ખેતરના કૂવા પરથી ૩૫,૦૦૦ની મોટર મળી કુલ ૧,૦૫,૦૦૦ની ત્રણ મોટરોની ચોરી થઈ હતી. આ અંગે સ્થાનિક સ્તરે આજુબાજુ તપાસ કરવા છતાં મોટરોનો કોઈ પત્તો ન લાગતાં આખરે ભોગ બનનાર ખેડૂતોએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. સોજીત્રા પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## કડાણામાં કારે બાઈકને અડફેટે લેતાં બે મહિલાના કરુણ મોત

**ભુખી ગામમાં** એક જ પરિવારના સાસુ-વહુના મોતથી ગામમાં શોક

(પ્રતિનિધિ) લુણાવાડા તા.16

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકા અંતર્ગત કેળામુળથી માલવણ તરફ જતા માર્ગ પર ભુખી ગામની સીમમાં સોમવારે રાત્રે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે અને ગફલતભરી રીતે દોડી આવેલી સફેદ રંગની અર્ટિગા કારના ચાલકે સામેથી આવી રહેલી મોટરસાયકલને જોરદાર ટક્કર મારી દીધી હતી. આ ભીષણ અકસ્માતમાં બાઈક સવાર બે મહિલાઓનું સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે બાઈક ચાલક ગંભીર રીતે ઘાયલ થયો છે.

આ અકસ્માત પ્રાપ્ત વિગતો અનુસાર, રેનગાણીયા ગામના ખેડૂત શંકરભાઈ સરદારભાઈ ખાંટે નોંધાવેલી ફરિયાદ મુજબ, ૧૪મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૭:૩૦ વાગ્યાના સુમારે તેમના કુટુંબી ભત્રીજા ભેમાભાઈ રણછોડભાઈ ખાંટ બાઈક પર પત્ની સવિતાબેન (ઉં.વ. ૫૪) તથા માતા ઝાલીબેન (ઉં.વ. ૬૭)ને બેસાડીને પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન ભુખી ગામના માર્ગ પર સામેથી પૂરઝડપે ધસી આવેલી સફેદ રંગની કાર (GJ-16-BK-6317)ના ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો જોરદાર હતો કે બાઈક સવાર ત્રણેય વ્યક્તિઓ રોડ તેમજ સાઈડના ખેતરમાં ફંગોળાઈ ગયા હતા અને અર્ટિગા કાર પણ રોડ સાઈડની ગટરમાં ખાબકી ગઈ હતી. આ અકસ્માત બાદ કારચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે જ મૂકીને ફરાર થઈ ગયો હતો. આ ઘટનાની જાણ થતાં જ ગ્રામજનો તથા પરિજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઘવાયેલા ભેમાભાઈ, સવિતાબેન તથા ઝાલીબેનને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સૌપ્રથમ સંતરામપુર બાદમાં દાહોદ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન સવિતાબેન ખાંટ તથા વૃદ્ધા ઝાલીબેન ખાંટનું કરુણ મોત નીપજ્યું હતું, કડાણા પોલીસે કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વિદ્યાનગરની આઈસ્ટારના ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી વિભાગ ખાતે ભવ્ય ગણેશોત્સવની ઉજવણી

**આણંદ** | આણંદની સીવીએમ યુનિવર્સિટી સંચાલિત આઈસ્ટાર કોલેજના ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી વિભાગમાં ગણપતિ બાપાનું ઉત્સાહપૂર્વક સ્થાપન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસીય ઉત્સવ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા મનોહર શણગાર, સવાર-સાંજ આરતી, ભવ્ય અન્નકૂટ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આઈસ્ટારના પ્રધાન આચાર્ય ડો. એમ. એમ. રાજ, વરિષ્ઠ અધ્યાપક ડો. જીગર પટેલ અને વિભાગીય અધ્યક્ષ ડો. રોહિત દવેના માર્ગદર્શન હેઠળ આ ઉત્સવ સફળ બન્યો હતો. વિદ્યાર્થીઓ અને સ્ટાફની ભારે જેહમત બાદ ત્રીજા દિવસે ભવ્ય શોભાયાત્રા સાથે બાપાનું વિસર્જન કરવામાં આવશે.



### આણંદમાં શિક્ષક દિન નિમિત્તે બ્રહ્માકુમારીઝ દ્વારા શિક્ષક સન્માન કાર્યક્રમ યોજાયો

**આણંદ** | આણંદના નેહરુબાગ સ્થિત બ્રહ્માકુમારી પ્રભુ સ્મૃતિ ખાતે શિક્ષક દિવસ નિમિત્તે શિક્ષકોના અમૂલ્ય યોગદાનને બિરદાવવા ભાવસભર અને પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ શાળાઓના શિક્ષકો તથા પ્રિન્સિપાલશ્રીઓનું સન્માન કરી તેમના માટે વિશેષ "કૃતજ્ઞતા" સેશન યોજાયું હતું. આ કાર્યક્રમમાં યોજાયેલા મેડિટેશન સેશન દ્વારા શિક્ષકોને મન શાંત રાખી વિદ્યાર્થીઓમાં સારા સંસ્કારોનું સિંચન કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ શિક્ષકોને સમાજના સાચા ઘડવૈયા ગણાવ્યા હતા અને બ્રહ્માકુમારીઝની આ હૃદયસ્પર્શી પહેલને સરાહી હતી.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજના રજનીકાન્ત પટેલ લિખિત સનાતન ચેતનાનો અમૃત ઘટ પુસ્તકનું તેલનાર ખાતે વિમોચન

**કપડવંજ** | કપડવંજ તાલુકાના લાલપુર નિવાસી રજનીકાન્ત પટેલ લિખિત સનાતન ચેતનાનો અમૃત ઘટ પુસ્તકનો વિમોચન સમારંભ તેલનાર મુકામે યોજાયો હતો. આ પુસ્તકનું વિમોચન સરસ્વતી હાઈસ્કૂલના પૂર્વ આચાર્યશ્રી રસિકભાઈ પટેલ તથા વહાણવટી હાઈસ્કૂલના પૂર્વ આચાર્યશ્રી રમેશભાઈ પટેલના વરદ્ હસ્તે યોજાયું હતું. આ પ્રસંગે તેમના પરિવારના માતૃસ્વરૂપા સુશીલાબેન પટેલ, રિપલબેન પટેલ અને ક્રિશા પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં તાલુકા મથકના ગણ્યમાન્ય સર્જકો, લેખકો, શિક્ષકો અને સાહિત્યપ્રેમી ભાવકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.



### કઠલાલ ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા જ્ઞાનવર્ધક વર્કશોપનું આયોજન કરાયું

**કઠલાલ** | કઠલાલની સ્ટાર હોટલ ખાતે પર્સનાલિટી ડેવલોપમેન્ટ અને ટેકનિકલ નોલેજ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વડીલ ફોટોગ્રાફર બીપીનભાઈ પંડ્યાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ વર્કશોપમાં અમદાવાદના પવન આહુજા અને કપડવંજના રાજકમલ માયાવંશી મુખ્ય મેન્ટોર રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત તમામ ફોટોગ્રાફર મિત્રોને મહત્વપૂર્ણ માર્ગદર્શન અને ટેકનિકલ જ્ઞાન પૂરું પાડવામાં આવ્યું હતું. વિવિધ સહયોગી સંસ્થાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને ફોટોગ્રાફરોના ઉત્સાહ તથા સહકારથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.



### કપડવંજમાં પાવાગઢથી નીકળેલી બાઈક રેલીનું અરવલ્લી તરફ પ્રસ્થાન કરાયું



**કપડવંજ** | વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનના ૨૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે આયોજિત 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત બાઈક રેલી ત્રીજા દિવસે કપડવંજ પહોંચી હતી. ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક બાળકૃષ્ણ ખંડેરાવ શુક્લજી અને ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાની ઉપસ્થિતિમાં આ રેલીને કપડવંજથી આગળ માટે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. શક્તિપીઠ પાવાગઢથી શરૂ થયેલી આ બાઈક રેલી ખેડા જિલ્લાના કપડવંજથી અરવલ્લી જિલ્લા થઈને વડનગર તરફ આગળ વધી રહી છે. શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

### આણંદમાં નરેન્દ્ર મોદી વિચાર મંચ દ્વારા સ્પેશિયલ શાળાના બાળકોને ભોજન પીરસી વર્ષગાંઠની ઉજવણી કરાઈ

**આણંદ** | નરેન્દ્ર મોદી વિચાર મંચ, મહિલા શાખા-આણંદ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વર્ષગાંઠ અને સુશાસનની ઉજવણીના ભાગરૂપે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી અલ્પાબેન મહેતાના અધ્યક્ષસ્થાને ગુરુકૃપા રેસીડેન્સીયલ સ્પેશિયલ શાળાના વિદ્યાર્થીઓને સ્વાદિષ્ટ ભોજન અને શુદ્ધ પાણીની બોટલોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંગઠનના જિલ્લા પ્રમુખ જયશ્રીબેન સોની, હોદ્દેદારો તથા સભ્ય બહેનોએ ઉપસ્થિત રહી આયોજનને સફળ બનાવ્યું હતું. પ્રદેશ મહામંત્રીએ વડાપ્રધાન દ્વારા ગુજરાત અને દેશમાં કરાયેલા શ્રેષ્ઠ સુશાસનના કાર્યોને બિરદાવી ગૌરવ વ્યક્ત કર્યું હતું.



### સરદાર પટેલ યુનિ.માં પરંપરાગત સંસ્થાઓની ભૂમિકા અંગે કાર્યશાળા અને પરિસંવાદ યોજાયો



**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક ઇતિહાસ વિભાગ દ્વારા સ્વ. પ્રોફેસર જી. ડી. શુક્લના સ્મરણાર્થે "આધુનિક ભારતના ઘડતરમાં પરંપરાગત સંસ્થાઓની ભૂમિકા" વિષય પર કાર્યશાળા અને પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. નિરંજન પટેલે અધ્યક્ષીય ઉદબોધન આપ્યું હતું તથા વિભાગાધ્યક્ષ પ્રો. ડો. વસંત પટેલ અને મુખ્યઅતિથિ પ્રો. ડો. રોહિત પંડ્યા પણ ઉપસ્થિત રહ્યા હતા. પરિસંવાદમાં પ્રો. ડો. અરુણ વાઘેલા, પ્રો. ડો. હેમંત દવે અને પ્રો. ડો. શીરીન મહેતા સહિતના તજજ્ઞ વક્તાઓએ આદિવાસી સંસ્થાઓ, સામાજિક સમરસતા અને સંસ્થાનવાદની અસરો વિશે વિગતે ચર્ચા કરી હતી.

### આણંદમાં મધુવન ગ્રુપ અને ઓમકારેશ્વર મંદિરે ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી

**આણંદ** | આણંદના ટાઉન હોલ પાસે મધુવન ગ્રુપ દ્વારા ૧૫મા વર્ષે ગૌમાતા સાથે વિરાજમાન ગણેશજીની ભવ્ય પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. પ્રમુખ જતીન પટેલ (જેપી) અને ઉપપ્રમુખ વ્રજ મિસ્ત્રીના નેતૃત્વમાં ૨૫મી તારીખ સુધી વિવિધ ઉત્સવોનું આયોજન કરાયું છે. ઓમકારેશ્વર મંદિર ખાતે ૨૫મો ગણેશ ઉત્સવ ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે, જ્યાં વિદ્યાનગર યુવક મંડળ દ્વારા પ્રસાદ વિતરણ થઈ રહ્યું છે. આ પ્રસંગે પંડાલમાં જ્યોતિષી રોનકભાઈ શાસ્ત્રી અને ચંદ્રેશભાઇ મહારાજ દ્વારા મંત્રોચ્ચાર સાથે સુંદર પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે.



### નડિયાદની 'મૈત્રી' સંસ્થામાં દિવ્યાંગ બાળકો દ્વારા ઇકો-ફ્રેન્ડલી ગણેશ વિસર્જન કરાયું



**નડિયાદ** | નડિયાદના પીજ ભાગોળ સ્થિત મૈત્રી સંસ્થામાં દિવ્યાંગ બાળકો માટે 'પર્યાવરણ મિત્ર' થીમ પર ત્રિદિવસીય ઇકો-ફ્રેન્ડલી ગણેશ મહોત્સવનું આયોજન કરાયું હતું. ત્રણ દિવસ દરમિયાન દિવ્યાંગ બાળકો, વાલીઓ અને કોર્પોરેટર ધૃતિબેન પટેલ સહિતના સમાજસેવકોએ ભાવપૂર્વક પૂજા-આરતીનો લાભ લીધો હતો. આ પ્રસંગે કેમ્પસમાં જ માટીના ગણેશજીનું ભાવભરી વિદાય સાથે વિસર્જન કરી મૂર્તિની માટી તથા પ્રસાદ સૌને આપવામાં આવ્યા હતા.

### ડાકોર ખાતે ૧૩૦ ખાદ્ય વેપારીઓ માટે વિનામૂલ્યે 'ફૂડ સેફ્ટી ટ્રેનિંગ' યોજાઇ

**નડિયાદ** | ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા NASVI અને NESTLE INDIA ના સંયુક્ત ઉપક્રમે ડાકોરના વેપારીઓ, સ્ટ્રીટ ફૂડ વેન્ડર્સ અને હોટલ સંચાલકો માટે વિનામૂલ્યે 'ફોસ્ટેગ ટ્રેનિંગ'નું આયોજન કરાયું હતું. આ તાલીમનો મુખ્ય હેતુ વેપારીઓમાં ખાદ્ય સામગ્રીની સ્વચ્છ જાળવણી, પૌષ્ટિકતા અને ગ્રાહકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.



ધી ખેડા પીપલ્સ કો.ઓ. બેન્ક લી. ખેડા.



શ્રદ્ધાંજલિ
ડિરેક્ટર શ્રી સ્વ.રતિલાલ સોમાભાઈ કા.પટેલ
સ્વ. તા.11.9.2026 ને શુકવાર
તમારૂ જીવન અમારી પ્રેરણા હતી અને તમારા આદર્શ અમારા માર્ગદર્શન હતા અને તમારૂ સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવ, સદાય હસતો ચહેરો અમે ક્યારેય ભૂલીશું નહીં. ભગવાન તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી અમારા સૌની પ્રાર્થના.
બોર્ડ ઓફ ડિરેક્ટર્સ
: ચેરમેન : શ્રી સંજયકુમાર એચ. પટેલ
: ડીરેક્ટર : શ્રી ખમીસાભાઈ એસ.સીંધી | : વાઈસ ચેરમેન : શ્રી રોહિતભાઈ આર. પટેલ | : મેનેજીંગ ડીરેક્ટર : શ્રી કલ્પેશકુમાર ડી. શાહ
: જો.મેને.ડીરેક્ટર : શ્રી ખેંગારભાઈ કે. ચાવડા | : શાખ કમિટી ચેરમેન : શ્રીમતિ રીનાબેન પી. પટેલ | : ડીરેક્ટર : શ્રી અક્ષયકુમાર એ. ભાવસાર
: ડીરેક્ટર : શ્રી કલ્પેશભાઈ આર. પટેલ | : ડીરેક્ટર : શ્રી ગોવિંદભાઈ એચ. મકવાણા | : ડીરેક્ટર : શ્રીમતી સંગીતાબેન એન. રાઠોડ
મેનેજર : શ્રી સ્નેહલ આર. શાહ તથા કર્મચારી પરિવાર
સદ્‌ગતનું બેસણું : તા.૨૦/૯/૨૦૨૬, રવિવાર - સમય : બપોરે ૩ થી ૫ કલાકે
સ્થળ : પટેલ વાડી, ખેડા.